# પરેશ અને મારી વચ્ચે મતભેદો હતા : અક્ષય કુમાર

સ્ટાર ફોક્સ



***ખિ**લાડી કુમાર અક્ષયને 2025નું વર્ષ સિક્વલનું રહ્યું- કેસરી-2, હાઉસફુલ-5, અને હવે જોલી LLB-3, આ સિક્વલની સાથે સતત ડાઉન ચાલી રહેલા તેના કરિયરની પણ બીજી ઇનિંગ શરુ થઈ હોય તેવું લાગ્યું. 9 સપ્ટેમ્બરે 58 એ પહોંચેલા અક્ષયની ફિટનેશનું સિક્રેટ હજી પણ લોકો  જાણવા મથી રહ્યા છે. ત્યારે 200મી ફિલ્મ પૂરી કરનારા અક્ષય સાથે તેના અત્યારે ચાલી રહેલા જીવન વિશેના સવાલ અને જવાબ જાણીયે*

**2025 અક્ષય માટે બોક્સ ઓફિસ પર કમબેક ચર રહ્યું છે. આ અનુભવ કેવો રહ્યો?**

સાચું કહું તો, હા 2025 વર્ષ સંતોષકારક રહ્યું છે. જ્યારે કેટલીક ફિલ્મો હિટ ન થઈ, ત્યારે શા માટે આમ થયું હશે તે માટે ઘણું વિચાર્યું - શું તે વિષયના કારણે હશે? સમય ખરાબ હતો? કે શું તે આજે લોકો જે જોવા ઇચ્છે છે તેની સાથે રોલ તમને ડેવલપ કર્યે રાખે છે. અને હગાવે તો ઓડિયન્સની ડિમાન્ડ પણ બદલાઈ રહી છે.

**હેરાફેરી 3 અને પરેશ રાવલ સાથેની કોન્ટ્રોવર્સી વિશે ઘણી ચર્ચા થઈ. આમાં હકીકત શું છે?**

હા, તે વાતો તો બધી જાહેર થઈ ગઈ. જુઓ - અમારી વચ્ચે મતભેદો હતા, કાનૂની નોટિસો હતી, અને હા તે વાત વધી ગઈ. પરંતુ તે ક્યારેય પ્રમોશન માટે ચર્ચા કે નાટક બનાવવા માટે નહોતું. તે અમારી કામ બાબતેની પ્રતિબદ્ધતાઓનો આદર કરવા વિશે હતી. પરેશ સર અને મેં હવે બાબતોનો ઉકેલ લાવી દીધો છે. અમે હેરાફેરી માટે ફેન્સનો જે પ્રેમ છે તેમાં માનીએ છીએ, તેથી જ તો અમે ફિલ્મમાં ફરી સાથે આવના છે.

**જોલી LLB 3 ના પ્રમોશન દરમિયાન, તમે 'ગુટખા' ખરાબ હોવા અંગે ટિપ્પણી કરી હતી. સોશિયલ મીડિયા પર કેટલાક લોકોએ તમારા** અથવા મેન્ટલી તૈયાર  રહેવાની જરૂર હોય તે સમયમાં. મારા માટે ડિસિપ્લિન લાઇફનો અર્થ બધું પહેલાથી જ પ્લાન કરી રાખવું એવો નથી પણ તે તમને પ્રેસર સામેં કામ કરવાની એનર્જી આપે છે.

**ફિલ્મો ઉપરાંત, તમે સોશ્યલવર્કમાં પણ સામેલ થયા છો - આ સેવાની આ ભાવના હવે વધુ થઈ રહી છે?**

હા, ચોક્કસ મને હંમેશા લાગ્યું છે કે જો તમારી પાસે શક્તિઓ હોય, તો તમારી પાસે જવાબદારી હોય છે. પંજાબમાં પૂર ભયંકર હતું; લોકોએ ઘરો ગુમાવ્યા, જીવ ગુમાવ્યા. તેથી થોડી મદદ કરવી પણ યોગ્ય લાગે છે. એ જ રીતે, ગણપતિ જેવા

**જોલી LLB 3 આવી રહી છે, અને તે ખાસ છે. હું 200 ફિલ્મોના સીમાચિહ્નને એવી રીતે પાર કરવા માંગુ છું જે ફક્ત નંબર જ નહીં, પણ મીનિંગફુલ લાગે. કેટલાક હજી વધારે ડિરેકટરો સાથે કામ કરવું જેનો હું ખૂબ આદર કરું છું અને મેસેજ સાથે ફિલ્મો કરું**

કનેક્ટ ન હતો થઈ રહ્યો? પણ સ્કાય ફોર્સ એક ટર્નિંગ હતી, અને પછી કેસરી 2 અને હાઉસફુલ 5 એ મને તે વિશ્વાસ પાછો મેળવવામાં મદદ કરી. તે બતાવે છે કે વ્યક્તિ જે માને છે કે તમે સારું પરફોર્મ કરી શકો છો તેના પ્રત્યે તમારે સાચા રહીને કામ કરતા રહેવું જોઈએ.

**મોટાભાગે લોકો તમને હાઈ- એક્શન અને દેશભક્તિની ભૂમિકાઓ માટે યાદ કરે છે. શું તમારી પસંદગી પણ એ જ છે?**

મને લાગે છે કે હું બંને કરી રહ્યો છું. એક્શન અને દેશભક્તિની વાર્તાઓ લોકો મારી પાસેથી જે અપેક્ષા રાખે છે તેનો એક ભાગ છે, અને મને તે ગમે છે - મોટી સામાજિક અથવા દેશ માટેની લાગણીઓને જણાવતી વાર્તાઓ કરવામાં કંઈક અલગ સંતોષ મળે છે. પરંતુ હું મારી જાતને ચેલેન્જ આપવા માટે કોમેડી, સમાજ સંબંધિત વિષયો પાર પણ ફિલ્મ કરવા માંગુ છું. ડિફરન્ટ

**ભૂતકાળ તરફ ધ્યાન દોર્યું. આ વિરોધાભાસ વિશે તમે શું કહેશો?**

આ સારું જ છે, લોકો ક્યારેક મોટા થાય છે અને તેમના વિચાર બદલાય છે. જો ભૂતકાળની કોઈ વાત આજે મારી વાત સાથે મેળ ખાતી નથી, તો તેને સ્વીકારવું અને અલગ રીતે આગળ વધવું ઠીક છે. હું હંમેશા જવાબદારીમાં માનતો આવ્યો છું, ખાસ કરીને જ્યારે ઘણા લોકો તમને ફોલો કરે છે. તો હા, મેં હવે ગુટખા વિરુદ્ધ વાત કરી છે કારણ કે હું માનું છું કે તે હાનિકારક છે, અને તે માટે તો જાગૃતિ વધારવી પડશે.

**અક્ષય પોતાના ડેઇલી રૂટિન માટે કેટલો સ્ટ્રિક્ટ છે?**

હા, હું મારા ડેઈલી રૂટિનને ખૂબ મહત્વ આપું છું, હું ડિસિપ્લિનને મહત્વ આપું છું. તે ખાસ કરીને ત્યારે મદદ કરે છે જ્યારે તમારી પાસે ઘણા પ્રોજેક્ટ્સ હોય, સ્ટંટ કરવા પડે, ફિઝિકલ તહેવારો પછી જ્યાં પર્યાવરણને અસર થાય છે - તેમાં ફક્ત ગવર્મેન્ટ જ નહિ; દરેકે ભાગ લેવો જોઈએ.

**જોલી LLB 3 માટે ઉત્સાહિત છો? લગભગ 3-4 દાયકા પછી અક્ષયને કામ કરવા શું મોટિવેટ કરે છે?**

ઓડિયન્સ. ચેલેન્જ. જો લોકો હજુ પણ તમને જોવા માંગતા હોય, હજુ પણ તમને પ્રેમ આપવા માંગતા હોય, હજુ પણ થિયેટરોમાં આવવા માંગતા હોય અથવા તમારી ફિલ્મ સ્ટ્રીમ કરવા માંગતા હોય - તો તે કામ કરવા માટે પ્રેરણા છે. સેલ્ફ ડેવલપમેન્ટ પણ: જો હું કંઈક નવું કરી શકું છું - વધુ સારું પ્રદર્શન, એક અલગ જોનર, સામાજિક અસર - તો હું એ ફિલ્મમાં આગળ વધવા માંગુ છું. ●

# જો શ્રિયાની લાઈફ એક ફિલ્મ છે, તો તેનું ટાઈટલ શું હશે?

શો-શા



● **મોર્નિંગ પર્સન કે નાઈટ ઓવલ?**
નાઈટ ઓવલ-  રાત્રે સૌથી વધારે ક્રિએટિવ હોવ છું

● **યોગા કે જીમ?**
યોગા, હંમેશા.

● **એક વસ્તુ જેના વગર તમે ક્યારેય ઘરેથી બહાર નીકળતા નથી?**
સનસ્ક્રીન અને લિપ બામ.

● **એક બ્યુટી હેક જે તમે ફોલો કરો છો?**
દરરોજ નાળિયેર તેલ લગાવવું જ.

● **જમવાનું કોણ સારું બનાવે? તમે કે તમારા પતિ?**
હું, મારા બનવેલા પાસ્તા દરેક વખતે જીતે છે!

● **ફેવરિટ હોલિડે ડેસ્ટિનેશન?**
બાર્સેલોના - મારું હેપ્પી પ્લેસ.

● **તમારી બકેટ લિસ્ટમાં કઈ જગ્યા છે?**
નોર્ધન લાઇટ્સ જોવા માટે આઇસલેન્ડ જવું.

● **એ ફિલ્મ જે તમે ઇચ્છો છો કે તમે કરી હોત?**
ક્વીન

● **જો લાઈફ એક ફિલ્મ હોત, તો તેનું ટાઈટલ શું હશે?**
ડ્રીમ્સ થ્રુ ડ્રીમ્સ

● **એ પુસ્તક જેણે તમારો દ્રષ્ટિકોણ બદલી નાખ્યો?**
ધ અલ્કેમિસ્ટ.


● **સોશિયલ મીડિયા-લવ કે હેટ?**
ગમે છે, પણ લિમિટમાં.

● **બોલિવુડમાં બેસ્ટ ફ્રેન્ડ?**
જેનેલિયા ડિસોઝા.

● **બેસ્ટ કો-એક્ટર?**
શિવાજી ધ બોસ-  રજનીકાંત ●

# જનતાની કચેરીમાં ડબલ જોલી-LLB હાજર થશે સામે 'નિશાંચી' પણ મળશે

ટ્રેન્ડિંગ




**અ**ક્ષય અને અરશદની અપકમિંગ ફિલ્મ 'જોલી LLB 3' ચર્ચામાં છે. જોલી બનીને પહેલી વાર આવેલો અરશદ કોર્ટમાં સાચા અને ખોટા માટે કેસ લડતો, જ્યારે 'જોલી એલએલબી 2'માં અક્ષય દેખાયો હતો. ત્યારે કોર્ટરૂમમાં, તે એક ગરીબ વ્યક્તિને ન્યાય અપાવતો જોવા મળ્યો હતો. ત્યારથી જ કયો જોલી સારો તેની દલીલો અપાઈ રહી હતી ત્યારે મેકર્સ 'જોલી LLB-3'માં અરશદ અને અક્ષય આ બંન્ને જોલીને સામસામે કેસ લડાવી રહ્યા છે. પાછલી ફિલ્મની જેમ જ કોમેડી સાથે લાગણીઓ પણ જોવા મળશે.

ફિલ્મના ટ્રેલરમાં ખેડૂતોનું દર્દ બતાવવામાં આવ્યું છે. આ વખતે વાર્તા ખેડૂતોની આસપાસ ફરે છે. જ્યાં ગજરાજ રાવ, જે ખેડૂતોની જમીન હડપ કરી રહ્યો છે. તો બીજી તરફ, નાના ખેડૂતો છે, જે પોતાની જમીન બચાવવા માટે જોલી પહોંચે છે. પહેલા, જ્યાં ખેડૂતો અક્ષય સુધી પહોંચે છે, ત્યાં પાછળથી રમત પલટાઈ જાય છે. ટ્રેલર જોઈને એવું લાગે છે કે જોલી 1 એટલે કે અરશદ ખેડૂતોનો કેસ લડી રહ્યો છે અને ખેડૂતોનો વકીલ છે. અક્ષય તે ગજરાજ રાવનો વકીલ છે. પાછલી બે ફિલ્મોની જેમ આ વખતે પણ વાર્તામાં કોમેડી અને મજાની સાથે ઈમોશનલ અને સામાજિક મુદ્દાને પણ ઉઠાવવામાં આવ્યા છે.

ફિલ્મના બાકીના કલાકારોમાં સૌથી વધુ ચર્ચા છે ગજરાજ રાવની. જે ફરી વાર 'જોલી-LLB 3'માં એકદમ અલગ અંદાજમાં જોવા મળી રહ્યો છે. સાથે હુમા કુરેશી અને અમૃતા રાવ અગાઉની ભૂમિકાઓમાં જોવા મળશે. હુમા અક્ષય કુમારની પત્નીની ભૂમિકા ભજવી રહી છે, જ્યારે અમૃતા અરશદ વારસીની પત્નીની ભૂમિકા ભજવી રહી છે. અમૃતાને ભૂલ્યા ના હોવ તો યાદ કરાવી દઈએ કે તે 6 વર્ષ પછી ફરી સ્ક્રીન પર દેખાવાની છે. આ ઉપરાંત, સીમા બિશ્વાસ અને સૌરભ શુક્લા તો ખરા જ.

કોર્ટની વાત કરી આ ફિલ્મ પહેલા જ કોર્ટકચેહરીના ચક્કરમાં ફસાઈ છે. મુંબઈ, અલ્હાબાદ, ગુજરાત અને મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં ફિલ્મ મેકર્સ વિરુદ્ધ જાહેર હિતની અરજી (PIL) દાખલ કરવામાં આવી છે, કારણ કે ફિલ્મમાં દર્શાવવામાં આવેલા એક ગીત પર ન્યાયતંત્રનું અપમાન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. જબલપુરના વકીલ દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલમાં 'ભાઈ વકીલ હૈ' સંવાદ સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે. પીઆઈએલમાં દાવો કરવામાં આવ્યો છે કે 'ભાઈ વકીલ હૈ'ના શબ્દો તેમના આ કાનૂની વ્યવસાયનું અપમાન કરે છે. અરજીમાં 'પેકેજ ડીલ' અને 'જજ કો મામુ બનાના' જેવા વાક્યો સામે પણ વાંધો ઉઠાવવામાં આવ્યો છે અને કહેવામાં આવ્યું છે કે આ ભારતીય ન્યાયતંત્રનું અપમાન છે. તેમાં વધુમાં જણાવાયું છે કે ગીતમાં કલાકારોને કાળા કોટ અને વકીલોના ગાઉનમાં નાચતા દર્શાવવામાં આવ્યા છે, જે કોર્ટમાં ગૌરવ સાથે પહેરવામાં આવતા ગણવેશ છે! આને લોકો પ્રમોશનનો જ ભાગ માને છે બાકી સાચી સુનવણી 19 સપ્ટેમ્બરે થિયેટરમાં જ થશે. જેમાં જનતા નક્કી કરશે જોલી જોવી કે નહિ!

**ગીતમાં કલાકારોને કાળા કોટ અને વકીલોના ગાઉનમાં નાચતા દર્શાવવામાં આવ્યા છે, જે કોર્ટમાં ગૌરવ સાથે પહેરવામાં આવતા ગણવેશ છે! આને લોકો પ્રમોશનનો જ ભાગ માને છે બાકી સાચી સુનવણી 19 સપ્ટેમ્બરે થિયેટરમાં જ થશે. જેમાં જનતા નક્કી કરશે જોલી જોવી કે નહિ!**

આ સાથે અનુરાગ કશ્યપ ડિરેક્ટેડ ફિલ્મ 'નિશાંચી' જે ગેન્સ ઓફ વાસેપુર સ્કૂલની ગેંગસ્ટર-ડ્રામા છે, તે પણ 19 સપ્ટેમ્બરે રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મથી બાલ ઠાકરેનો પૌત્ર ઐશ્વર્ય ઠાકરે બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યો છે. ઐશ્વર્ય ડબલ રોલ ભજવશે. તેની સાથે વેદિકા પિન્ટો, મોનિકા પંવાર અને કુમુદ મિશ્રા જેવા કલાકારો પણ જોવા મળશે. ડિરેક્ટર અનુરાગ કશ્યપે 'નિશાંચી' વિશે જણાવતા કહ્યું હતું કે- 'નિશાંચી' મારી કમ્પ્લીટ સલીમ-જાવેદ જેવી જ ફિલ્મ છે. તેમાં એક હીરો, ડ્રામા અને એક ફિલ્મમાં જે હોવું જોઈએ તે બધું છે. મેં આમાં 69 દિવસ લગાવ્યા છે જે અત્યાર સુધીનું મારું સૌથી લાંબુ અને ડિટેઇલ શૂટિંગ છે.! પણ એક્સપર્ટ્સનું કહેવું છે કે જોલી સામે નિશાંચી ચૂકી જશે. ●